જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૮/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૮૩/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી ૨૦૯ લીટર દેશી દારૂ અને ૦૩ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૩,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૮૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૦ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૫૮૫/૧૬

**સરદારનગરઃ કૈલાસબહેન બળદેવભાઇ પરમાર** (રહે.ખોડીયારનગર, નવી વસાહત, નોબલનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૮/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી કાજલબહેન (ઉ.વ.૧૫) ને આરોપી અસ્વીન ઉર્ફે શની ઇજેસિંહ રાજપુત (રહે.રાજેન્દ્રપાર્ક અર્બુદાનગર, ઓઢવ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ઝેડ.એમ.સિંધી ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૫૮૬/૧૬

**જી.આઇ.ડી.સી.વટવાઃ** તેજસભાઈ વસંતલાલ દિક્ષીત (રહે.વાસુદેવ બંગલોઝ ઉમંગ એપાર્ટમેન્ટ સામે જસોદાનગર) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૮/૧૬ કલાક ૬/૦૦ થી તા.૨૯/૮/૧૬ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ ૮૫,૨૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી એન વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૮૭/૧૬**

**નિકોલઃ** મમતાબહેન હસમુખભાઈ સોલંકી (રહે.કે પી રેસીડન્સી નિકોલ ગામ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૮/૧૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે મમતાબહેન પત્રકાર હોઈ કઠવાડા નિકોલ જીઆઈડીસી રોડ નંબર-૧૫ ખાતે કોઈ વિડીયો શુટીંગ કરી રહ્યા હતા ત્યારે બે અજાણ્યા ઈસમો મારા મારી કરી સોનાની લક્કી અને સોનાની ચેઈન મળી કુલ રૂપિયા ૫૫,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર જી ખાંટ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૮૮/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** ડીમ્પલ અંકુરભાઈ બારોટ (ઉ.વ.૨૬) (રહે.સિધ્ધીદાતા આવીકા એપાર્ટમેન્ટ વંદે માતરમ આઈકોનની પાછળ ગોતા સોલા) તા.૨૫/૮/૧૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે સોલા ગોતા લાઈફ લાઈન હોસ્પીટલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ડીમ્પલ બારોટના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા.આ અંગેની ફરીયાદ ડીમ્પલ બારોટે તા.૨૯/૮/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ આર મેઘાણી પોલીસ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)